ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ચાલવું નથી નીતિથી એમને ફોડવામાં રસ છે,*
*ચૂંટણીમાં લડવું નથી પણ તોડવામાં રસ છે.*
*દોડવામાં રસ છે સત્તા, પદને પૈસા પાછળ -*
*કરી કૂટનીતિ પક્ષનો ઝંડો ખોડવામાં રસ છે.*

### હાઈકુ

*હચમચાવે !*
*લોકશાહીના પાયા -*
*રાવણ-શક્તિ...*
*(ચાણક્ય-અનીતિ)*

*મારે ચાબૂક*
*પ્રેમમાં પલાળીને*
*આભાસી સુખ*
*(બોલો ! જય સીતારામ્)*

### ચિંતન

***યથા યથા હિ પુરુષઃ કલ્યાણે કુરુતે મનઃ ।***
***તથા તથાઽસ્ય સર્વેઽર્થાઃ સિધ્યન્તે નાત્રસંશયઃ ॥***

**ઉપરોક્ત શ્લોક 'વિદુરનીતિ'માંથી લેવામાં આવેલ છે.**

**જેમ જેમ મનુષ્ય કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરે છે, તેમ તેમ એના સર્વ પુરુષાર્થો સફળ થતા જાય છે, એમાં જરાયે સંશય નથી.**

**દરેક વ્યક્તિએ કલ્યાણકારી - પરોપકારી અને સેવાનાં કાર્યો કરવા જોઈએ, પશુ-પંખીની સેવા, ગરીબોને સહાય, વિદ્યા દાન જેવી પ્રવૃત્તિઓ કરવાથી સ્વયં આત્મા આનંદમાં રહે છે અને એનું પરિણામ પણ વ્યવહારમાં તરત જોવા મળે છે.**

### સુવિચાર

- થઈ શકે તો પ્રેમ કરજો, નફરત ને તો કાના-માત્રાનો પણ સહારો નથી - **ધર્મલોક**
- વારસદાર ફક્ત મિલ્કતના હોય છે, કરેલા કર્મોના કરજદાર તો તમે પોતે જ છો - **જિગ્નેશ દાદા**
- નિર્ભયતા કયારે આવે ? જયારે જીવન નિષ્કપટ બને ત્યારે. આપણને ભયભીત બનાવ્યા છે કપટે - **સ્વામી સચ્ચિદાનંદ**
- માનવીને સંતાપની સગડીમાં એવું તો સળગવું પડ્યું કે એથી લાચાર બનીને એને હાસ્યના શરણે જવું પડયું - **નિત્શે**
- દિવસની ભૂલ માટે રાત્રે હસજે, પરંતુ તેવું હસવું ફરીથી ન થાય તે લક્ષમાં રાખજો - **શ્રીમદ્ રાજચંદ્ર**
- બીજાની જવાબ બંધ કરાવવા પહેલાં ખુદ ખામોશ થઈ જાઓ - **બોધિ વૃક્ષ**
- આજનું ઔષધ : ભાંગરાના પાંદડાના રસ સાથે ચણોઠીના પાનના રસ સાથે તલનું તેલ મિક્સ કરી તે ચહેરા પર લગાવવાથી નિખાર આવે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શેઠ એમના મુનિમ પર અકળાઈ ગયા. વર્ષોથી પેઢી પર મુનિમ શેઠના પૈસા વ્યવસ્થિત સાચવતા હતા. એક વાર મુનિમે એ સાચવેલા પૈસામાંથી પોતે વાપરી નાખી શેઠના દીકરાને ખબર પડી. એટલે એટલે એણે મુનિમને ધમકી આપતા કહ્યું, 'હમણાં જ પોલીસ બોલાવું છું. જેલમાં જવાની તૈયારી રાખજો.' મુનિમે રડતાં જવાબમાં કહ્યું, 'મારી દીકરીના લગ્ન હતા, પગારમાં પુરું થતું ન હતું, કોઈ બચત હતી નહીં, પ્રસંગમાં થોડી રકમ ખર્ચી નાખી હતી. આપની એ રકમ હું દૂધે ધોઈને ચૂકવવા તૈયાર છું.' શેઠ થોડા શાંત પડ્યા પણ શેઠના દીકરા પોલીસ ફરિયાદ માટે મક્કમ હતા. શેઠે કહ્યું, 'મુનીમ, હું આપની વફાદારી જાણું છું, આજથી આપનો પગાર ડબલ કરી આપું છું.' આ સાંભળીને પુત્ર વધુ અકળાઈ ગયો. તેણે કહ્યું, 'પિતાજી, આ મને સજા કરવાની જગ્યાએ તમે એનો પગાર વધારી રહ્યા છો? બહુ મોટી ભૂલ કરી રહ્યા છો.' શેઠે કહ્યું, 'બેટા, જો આપણે એમને પોલીસને હવાલે કરીશું તો એમનું આખું કુટુંબ બદબાર થઈ જશે. અને એની ભૂલમાં આપણે પણ ભાગીદાર છીએ આપણો પણ વાંક ખરો.' પુત્રએ કહ્યું, 'આપણી રકમ મુનીમ અંગત ખર્ચમાં વપરે તેમાં આપણો વાંક કેવી રીતે આવ્યો ?' શેઠે કહ્યું, 'બેટા, આપણે એની પાસે કામ લીધું, પણ એના કુટુંબનો કયારેય વિચાર કર્યો નહિ. એ આપણો વાંક, આથી જ મેં કરેલો પગાર વધારો ઉચિત છે અને હંમેશા યાદ રાખ કે ક્ષમા જેવો બીજો કોઈ દંડ નથી.' પુત્ર હવે શાંત પડ્યો.

# અમરનાથ યાત્રા ભારતીયોનો અધિકાર છે

**તંત્રીસ્થાનેથી...**

ભારતનું રાજબંધારણ નાગરિકોને કેટલાક મૂળભૂત અધિકારો આપે છે. એમાં સૌથી અગત્યનો અધિકાર છે જીવવાનો. અન્ય મૂળભૂત અધિકારોમાં ધાર્મિક માન્યતા અને એ મુજબના કર્મકાંડ પણ એના ધાર્મિક સ્વાતંત્ર્યના અધિકારમાં આવી જાય છે. એમ તો અભિવ્યક્તિનો અધિકાર પણ મળેલો છે જે કટોકટી દરમિયાન છીનવી શકાય છે. ઈંદિરા ગાંધીએ કટોકટી લાધી ત્યારે અન્ય અધિકારોને આંચ નહોતી આવી પરંતુ વિચારોની વાચિક, લેખિત અભિવ્યક્તિ પર પ્રતિબંધ લદાઈ ગયો હતો. પંડિત જવાહરલાલ નહેરુને ઘણા લોકો નાસ્તિક માને છે. એમની આત્મકથામાં એમણે ખેડેલા અમરનાથના પ્રવાસની દિલધડક દાસ્તાન છે. જો કે પ્રવાસ અને યાત્રા વચ્ચે ફરક છે. પ્રવાસ મનોરંજન અને સાહસની અભિવ્યક્તિ છે. યાત્રા પાછળ માનવીનું આત્મિક સમર્પણ હોય છે. અમરનાથનું કુદરતી રીતે બનતું બરફનું શિવલિંગ એ વિજ્ઞાનની દૃષ્ટિએ તો સામાન્ય ભૌતિકશાસ્ત્રના નિયમોને અનુસરતી ઘટના છે. આપણા એક વિજ્ઞાનના વિદ્વાન પ્રો. પ્રહલાદભાઈ પટેલે ગ્રામભારતી - અમરાપુર પાસે આવો પ્રયોગ સિદ્ધ કરી બતાવ્યો છે અને શ્રદ્ધાળુઓ કષ્ટપ્રદ અમરનાથ યાત્રા કરી ધન્યતા અનુભવતા રહ્યા છે. એનું મહાત્મય તિબેટમાં આવેલ કૈલાસ માનસરોવરની લગોલગ પહોંચ્યું છે. જમ્મુ અને કાશ્મીરનાં બે મોટા યાત્રાધામોમાં વૈષ્ણોદેવીની યાત્રા હવે કષ્ટપ્રદ નથી રહી. પરંતુ અમરનાથ યાત્રા એના વિકટ ચઢાણ અને આતંકી ઓછાયાને લીધે આજપર્યંત ભયજનક જ રહેવા પામી છે. અગાઉ કેટલીય વાર આતંકવાદીઓના હુમલા થયેલ ચે. યાત્રાળુઓ ભૂસ્ખલન અને આતંકી હુમલાનાં બેવડાં જોખમો વહોરીને પણ વરસોવરસ ભોલે ભંડારીનું બરફનું શિવલિંગ નિહાળવા ઊમટતા રહ્યા છે. જમ્મુ અને કાશ્મીરની સરકારે યાત્રાળુ સંખ્યા નિયંત્રિત રાખવા નોંધણી ફરજિયાત બનાવી છે અને દરેક મહત્ત્વના પોઈન્ટ પર લશ્કરી અને અર્ધલશ્કરી દળોના જવાનો યાત્રાળુઓને રક્ષાકવચ પૂરું પાડવા તૈનાત કરાય છે. યાત્રાળુઓના જથ્થા સાથે પણ પોલીસ અને અર્ધલશ્કરી દળોના સૈનિકો હોય છે. પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતીએ ભાજપના સમર્થનથી સત્તા સાંપડી હતી, છતાં એમણે અમરનાથ યાત્રાની વધુ પડતી સુરક્ષા વ્યવસ્થાથી સ્થાનિક પ્રજાને મુશ્કેલીઓ પડે છે એવું નિવેદન કરી પોત પ્રકાશ્યું છે.

શ્રદ્ધા સ્થાન પર જતા નિર્દોષ યાત્રાળુઓ અને સરહદ પારના આતંકવાદીઓથી ડરી જાય તે ભારત સરકાર નહિં. આથી વર્તમાન ગૃહમંત્રીએ એમનો કાર્યભાર સંભાળતાંની સાથે સૌથી પહેલાં ભગવાન અમરનાથનાં દર્શન કરી એક પોઝિટિવ મેસેજ આપી દીધો છે. એમને તો ત્યાં સધી દમ માર્યો છે કે આવતા વર્ષે અમરનાથ યાત્રાળુઓ માટે સુરક્ષાદળોના રક્ષાકવચની જરૂર જ નહીં રહે. આતંકવાદીઓના સફાયા સાથે કાશ્મીર ખીણને દેશના અન્ય વિસ્તારોથી અલગ પાડતી કલમો ખતમ કરવાનો ભાજપ સરકારનો સંકલ્પ સાકાર થાય તો એથી વધુ રૂડું શું હોઈ શકે ? સ્વાભાવિક છે કે એથી અલગતાવાદીઓની ગુડબુકમાં રહેતાં મહેબૂબા મુફતી જેવા કટ્ટર તત્ત્વોના પેટમાં તેલ રેડાય જ.

# એ દિવસો વહી ગયા...



## નવાં કલેવર

નટવર હેડાઉ

નાનો બબલું ધમપછાડા કરતો પગ પછાડીને જોર જોરથી રડતો હતો.

'મમ્મી, આ નાસ્તો હું ડબ્બામાં નહીં લઈ જાઉં મને ગુલાબજાંબુ જોઈએ.'

'બેટા, તારા પાપાને હું વાત કરીશ, અત્યારે આ ઘરનો બનાવેલો નાસ્તો લઈ જા.'

'ના... ના... ના... મારે તો ગુલાબજાંબુ જ ખાવાં છે. તેના વિના હું સ્કૂલે જવાનો નથી.'

**મનીષભાઈએ વિચાર્યું કે દીકરો હમણાં જમવાની થાળી લઈને આવશે. પણ એવું કંઈ થયું નહીં**

'બેટા, સ્કૂલના નાસ્તાના ડબ્બામાં ગુલાબજાંબુ ન લઈ જવાય. ચાસણી ઢોળાય તો તારી ચોપડીઓ અને દફતર બધું બગડે.'

'ના... હું તો આજે ગુલાબજાંબુ જ ખાઈશ.'

આ રકઝક ચાલતી હતી. તે દરમિયાન બબલુ ના પપ્પાએ ઘરમાં પ્રવેશ કર્યો.

'શું વાત છે ? મારો દીકરો કેમ આટલો બધો રડે છે?'

'પપ્પા, મારે નાસ્તામાં ગુલાબજાંબુ લઈ જવાં છે.'

'ઓ હો ! તો એમાં શું મોટી વાત છે.' મનીષભાઈએ કહ્યું, બબલુના પપ્પા મનીષભાઈ શહેરના મોટા બિલ્ડર હતા.

'તમે જ આને ચડાવી રાખ્યો છે.' બબલુની મમ્મી મીતાબહેને ખીજાતાં કહ્યું.

'અરે, મારા દીકરાથી કંઈ વધારે નથી. સમજીને, લે બેટા, મને ખબર જ હતી કે તને ગુલાબજાંબુ ભાવે છે.'

તેથી 'મમ્ મમ્' વાળા કંદોઈને ત્યાંથી લઈને જ આવ્યો છું. આ ડબ્બો પણ એરટાઈટ છે. તેથી ઢોળાશે નહીં.

'હેય...' કહેતાં બબલુ ખુશીથી નાચવા લાગ્યો.

• • •

સમય વિત્યો. બબલુને ભણાવ્યો. નોકરીને લગાવ્યો અને ધામધુમથી તેનાં લગ્ન પણ કર્યો.

બબલુની મમ્મી મીતાબેનનું બલ્ડ કેન્સરમાં મૃત્યુ થયું.

મનીષભાઈ હવે દીકરા-વહુનો સહારે રહેવા મજબુર બન્યા. ધીરે ધીરે શાક-રોટલી કે ખીચડી માટે પણ સાંભળવું પડતું.

એક દિવસ વહુ બાબુજી ઉપર ચીડાઈ ગઈહતી. ખીજાઈને જેમ તેમ બોલતી હતી. તે વખતે જ દીકરાનો ઘરમાં પ્રવેશ થયો. મનીષભાઈ ડરી ગયા. દીકરાને વહુની આવી ગેરવર્તણુક માટે જરૂરથી ગુસ્સો આવશે. કયાંક વહુ પર હાથ ઉગામી ન દે તો સારું. તેમનો સંકોચ સાથે ડર લાગ્યો. તે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા. 'હે ! ભગવાન મારો દીકરો ગુસ્સો ન થાય તો સારું. તેને સદ્બુદ્ધિ આપજે.'

પણ દીકરાએ તો બાપની તરફ નજરપણ ન નાંખી. તે વહુની પાછળ પાછળ બેડરૂમ તરફ ચાલતો થયો.

મનીષભાઈએ વિચાર્યું કે દીકરો હમણાં જમવાની થાળી લઈને આવશે. પણ એવું કંઈ થયું નહીં.

થોડીવાર પછી પતિ-પત્ની તૈયાર થઈ બહાર નીકળ્યા. હોટલમાં જમવા જતાં પહેલાં વહુએ કહ્યું, 'બાપુજી રસોડામાં સવારનું બનાવેલું ખાવાનું પડ્યું છે. ભૂખ લાગે તો ખાઈ લેજો.'

બાપુજી બારણાં પર હલતા પડદાને એડીટસો જોતા રહ્યા.

# ક્યોં ના બોલે મો સે રાધા, ક્યોં હૈ રુઠી રાધા યું





## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

આપણે નાના બાળક હતા ત્યારે કદાચ આપણે સૌ કોઈ ''કિટ્ટા-બુચ્ચા''ની રમતો રમ્યા છીએ અને તેના અનુભવોમાંથી પસાર થયા જ છીએ. આપણે આપણાં બાળ-ગોઠિયાઓ સાથે કે મિત્રો સાથે કે ભાઈ-બહેન સાથે ''કિટ્ટા-બુચ્ચા''ની રમત રમી જ હશે. હા, ક્યારેક મમ્મી—પપ્પા સાથે, ક્યારેક આપણાં વહાલા શિક્ષક સાથે તો ક્યારેક આપણાં અન્ય કુટુંબીજનો સાથે પણ ''કિટ્ટા-બુચ્ચાં''ની રમત રમી હશે. કોઈ જ કારણસર કોઈપણ સાથે કિટ્ટા કર્યા પછી, ક્યારેક થોડી જ ક્ષણો બાદ બુચ્ચાં કરી લીધી હશે તો ક્યારેક બે ચાર કલાક પછી તો ક્યારેક બે-ચાર દિવસ પછી પણ બુચ્ચાં તો કરી જ દીધી હશે. આપણી એ કિટ્ટા લાંબો સમય ક્યારેય નહીં ચાલી હોય.

આપણી એ કિટ્ટા-બુચ્ચાંની રમતમાં જે કોઈએ કિટ્ટા કરવાની પહેલ કરી હશે કદાચ તે જ વ્યકિતએ બુચ્ચાં કરવા માટે પણ પહેલ કરી હશે. આપણાં મિત્ર કે ભાઈ-બહેન સાથેની કિટ્ટાના સમય દરમ્યાન આપણને અબોલાને કારણે થતી પીડા પણ થઈ હશે. એ પીડા બંનેએ ભોગવી હશે. કિટ્ટાના સમય દરમ્યાન કેટલાક પ્રસંગોએ આપણને કિટ્ટા કરેલા મિત્રોની ગેરહાજરી પણ મહેસૂસ થઈ હશે અને એ ગેરાહાજરીને કારણે આપણે છૂપા આંસુ પણ સાર્યા હશે. કિટ્ટા કર્યા પછી જ્યારે બુચ્ચાં કરી હશે એ ક્ષણનો આનંદ પણ અવર્ણનીય રહ્યો હશે. દરેક કિટ્ટા પછી જે બુચ્ચાં કરી હશે ત્યાર પછી એ મિત્રતા, એ સંબંધો કદાચ વધારે ગાઢ બન્યા હશે.

શ્રીમદ ભાગવત અને કેટલાક પૌરાણિક ગ્રંથોમાં શ્રીકૃષ્ણ અને રાધાજીના ઘણા પ્રસંગોનું વિવરણ છે. એમાના કેટલાક પ્રસંગો એવા છે કે શ્રીકૃષ્ણના ગોકુલના વસવાટ દરમ્યાન તેમને રાધાજી સાથે ધણીવાર મીઠો ઝગડો થતો. માત્ર રાધાજી સાથે જ નહીં, પણ અન્ય ગોપીઓ સાથે પણ મીઠા ઝઘડાઓ થતાં. એ ઝઘડાઓને કારણે રિસામણ-મનામણાં થતાં. આમ રાધાજી અને શ્રીકૃષ્ણ વચ્ચે ''કિટ્ટા-બુચ્ચાં''ની રમતો રમાતી. મોટે ભાગે રાધાજી જ શ્રીકૃષ્ણ સાથે કિટ્ટા કરતાં અને બુચ્ચાં કરવા માટે પણ રાધાજી જ પહેલ કરતાં. કિટ્ટા કર્યા પછી બંને વચ્ચેના અબોલા રહેતા એ સમય દરમ્યાન રાધાજી અને શ્રીકૃષ્ણ બંને ખૂબ જ વિહવળ રહેતા. બંને વચ્ચેના અબોલા જયારે તૂટતાં ત્યારે બંનેને અનર્ગલ આનંદની અનુભૂતિ થતી.

એવી જ રીતે શ્રીકૃષ્ણના દ્વારિકા નગરીમાં વસવાટ દરમ્યાન તેમના પટ્ટરાણી રુકમણીજી સાથે પણ ધણીવાર કિટ્ટા-બુચ્ચાંના વ્યવહાર થયા હોય, બંને વચ્ચે અબોલા થયા હોય એવા પૌરાણીક ગ્રંથોમાં ઉલ્લેખો છે.

બાળપણની કિટ્ટા-બુચ્ચાં તો એક રમત માત્ર જ હતી એવું કહી શકાય. હકીકતમાં કિટ્ટા એ સાચો કે મોટો ઝઘડો નથી હોતો. કદાચ એ મીઠો ઝૂધડો કહી શકાય. ક્યારેક બે વ્યકિતમાથી એક વ્યકિત રિસાઈ જાય ત્યારે પણ કિટ્ટા કરતી હોય છે કે અબોલા લેતી હોય છે. રાધાકૃષ્ણ અને શ્રીકૃષ્ણ-રુકમણીના અબોલા મોટેભાગે આ જ પ્રકાર મીઠા ઝઘડાને કારણે થતાં હતા.

બાળપણમાં જ્યારે મિત્રો સાથે નાના-નાના, મીઠા ઝઘડા થતાં અને બોલવાના વ્યવહારો બંધ થઈ જતાં તેને આપણે કિટ્ટા કહેતા. આપણે મોટા થયા પછી જ્યારે કોઈ નાના-મોટા કારણોસર કોઈ કોઈ વ્યકિત સાથે આપણાં બોલવાના વ્યવહારો બંધ થઈ જાય છે તેને આપણે અબોલા કહીએ છીએ. બાળપણની કિટ્ટા કહો કે મોટા થયા પછીના અબોલા કહો પારિસ્થિતિ તો મોટેભાગે એ જ ની એ જ રહેતી હોય છે. કિટ્ટા કે અબોલાને આપણી ઉમર સાથે કાઈજ લાગતું વળગતું નથી. કોઈપણ ઉંમરે કોઈપણ સંબંધિત વ્યક્તિ સાથે અબોલા થઈ શકે છે.

કિટ્ટા કે અબોલા ત્યાં જ થાય જ્યાં દિલના સંબંધ હોય, જ્યાં સાચા સંબધ હોય. જે વ્યકિત સાથે કોઈ જ પ્રકાર નો સંબધ જ ના હોય તે વ્યક્તિ સાથે અબોલાનો સવાલ ઊભો થતો નથી. અબોલા એ નફરત કે ધિક્કારની લાગણી નથી. અબોલા એ સંબધોનો કાયમ માટે અંત લાવવાની વાત નથી. થોડા સમયના અબોલા થકી સંબંધોને કદાચ કોઈ પ્રકારનું નુકશાન પણ નથી થતું. અબોલા તો વ્યકિતગત સંબંધોનું એક અવિભાજ્ય અંગ છે.

બે વ્યકિત વચ્ચે અબોલા હોય એ સમયગાળો પણ મહત્વનો અને રસપ્રદ હોય છે. અબોલા દરમ્યાન બંને વ્યકિત ભલે એકબીજા સાથે સીધી વાતચીત ના કરતાં હોય, ભલે પ્રત્યક્ષ રીતે લગનીઓની અભિવ્યક્તિ ના કરતાં હોય, પણ પરોક્ષ રીતે તો બંને વચ્ચે વ્યવહારો થતાં જ રહેતા હોય છે. બંને વચ્ચે પરોક્ષ રીતે સંદેશાની આપલે થતી જ રહેતી હોય છે. ઉદાહરણ તરીકે પતિ-પત્ની વચ્ચેના અબોલાના સમય દરમ્યાન ક્યારેક તેઓના બાળકોના માધ્યમ દ્વારા સંદેશાવ્યવહાર થતો હોય છે. બે મિત્રોના અબોલા દરમ્યાન એ બંને વ્યક્તિના મિત્ર હોય એવી ત્રીજી વ્યકિતના માધ્યમ દ્વારા બંને વચ્ચે સંદેશાની આપલે થતી હોય છે. સાંપ્રત સમયમાં તો આ પ્રકારના અબોલા સમયે બંને વ્યકિત વચ્ચેના સંદેશાવ્યવહારમાં સોસિયલ મીડિયા ધણા મદદરૂપ સબીત્ત થતા હોય છે.

બે વ્યક્તિ વચ્ચે અબોલા હોય ત્યારે એકબીજાથી છાનાછાના બંને વ્યકિત એકબીજાની કાળજી રાખતી હોય છે. બંને એકબીજાની ચિંતા કરતાં હોય છે. એકબીજાના હાલ-હવાલ કે હાલત વિષે સામેની વ્યક્તિને જાણ ના થાય એમ ખબર પણ જાણી લેતા હોય છે. બંને વચ્ચે ભલે અબોલા હોય પણ સ્નેહ અને પ્રેમમાં મોટેભાગે કોઈ જ પ્રકારની ઓટ આવતી નથી હોતી. અબોલા દરમ્યાન જો બેમાંથી કોઈ એક વ્યકિત મુશ્કેલીમાં હોય તો બીજી વ્યકિત અબોલા હોવા છતાં પેલી વ્યકિતને મદદ કરવા માટે તુરત જ દોડી જતી હોય છે. આમ, બે વ્યકિત વચ્ચે ભલે અબોલા હોય પણ બંને એકબીજા પ્રત્યેના સ્નેહ અને પ્રેમ જેવી લાગણીમાં કોઈ જ પ્રકારની ઓટ આવતી નથી અને બંને એકબીજા પ્રત્યે લાગણીની અભિવ્યક્તિ કરતી જ રહેતી હોય છે. અબોલા સમયે લેવાતી એ કાળજી, એ લાગણીની અભિવ્યક્તિ સામાન્ય સંજોગોમાં લેવાતી કાળજી કરતાં, સામાન્ય સંજોગોમાં અભિવ્યક્ત થાય તેના કરતાં વધારે તીવ્ર હોય છે.

(ક્રમશઃ)

# દીકરી હોય કે દીકરો - ભાવનાત્મક ઉછેર, શિક્ષણ અનિવાર્ય





## જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

હવે અષાઢ શરૂ થઈ ગયો છે અને સાર્વત્રિક પૂરતો વરસાદ આવી જાય છે. કૃષિ અને ગ્રામ્ય સ્તરે શાંતિ થઈ જાય અને જગતભરના દરેક લોકો જે પીવાના પાણી માટે હેરાન પરેશાન થઈ રહ્યા છે તેને પણ રાહત મળે. વરસાદની ઋતુમાં આકાશમાંથી વરુણ દેવની પણ કૃપા તો થતી જ હોય છે. તેની કૃપામાં કમી નથી પરંતુ માનવ સૃષ્ટિએ વ્યવસ્થાઓ ઊભી કરવામાં, જાળવવામાં જે કચાશ રાખી છે તેના લીધે સર્વત્ર આપદા આવી પડે છે. વરસાદના બુંદે બુંદમાં પ્રભુનો પ્યાર ઉપરથી આપણા ઉપર વરસે છે અને જે ધરતી ગરમીથી ત્રસ્ત થઈ હોય તેને ઠંડી કરે છે. આ બધુ જ અંતે ઈશ્વર કૃપાનું જ પરિણામ હોય છે. વિજ્ઞાનની મદદથી આપણે સ્થિતિ વિશે માહિતી જ પ્રાપ્ત કરી શકીએ! સમાજને બધુ જ સુખ બધા પાસેથી અવિરત અને અમર્યાદ રીતે જોઈએ છે. વરસાદના જળને જેમ જાળવવાના આયોજન જરૂરી છે તેમ માનવ સમાજના સુખને જાળવવા પરિવારોનાં અસ્તિત્વ અને ઐક્યને સુનિશ્ચિત કરવા જ પડે છે. ધરતીનો છેડો એ પ્રત્યેક વ્યક્તિનું ઘર હોય છે જે માત્ર ઈંટ અને સિમેન્ટનું ઉત્પાદન નથી હોતું ત્યાં મકાન જ હોય પરંતુ ત્યાં ઉષ્મા, પ્રેમ, લાગણીઓ, દયા, મમતા ઉમેરાય ત્યારે એ ઘર બની જાય છે. આવું ઘર એ મંદિર જેટલું પવિત્ર હોય છે ! પરિવાર અને સમાજ એક સિક્કાની જ બે બાજુ હોય છે. પરિવાર બધા જ પ્રકારના આયોજનનું પ્રથમ પગથિયું છે. મા-બાપ હંમેશા ચાહે છે કે તેમના સંતાનો તમામ ક્ષેત્રમાં સક્ષમ બને અને જીવનને ખરા અર્થમાં પ્રાપ્ત કરે. સમસ્યા જે ચિંતન માટે મુકવી છે તે સંતાનો પ્રત્યેની સમદૃષ્ટિ ઊભી કરવા માટેની જોવા મળે છે, દીકરી વહાલનો દરિયો કહેવાય છે દીકરી તુલસી કયારો પરિવારમાં ગણાય છે કારણ કે એ શક્તિ સ્વરુપા નારી છે. દીકરા વિશે બહુ વાતો થતી નથી !

દીકરાની ભૂમિકા વંશ ટકાવવાની અને પરિવારના જે સ્વપ્ના અધુરા રહ્યા હોય તેને સાકાર કરવાની ગણાય છે. દીકરાનો જન્મ ના થાય ત્યાં સુધી પરિવારમાં અજંપાનું વાતાવરણ પણ જોવા મળે છે. નવી સદીના માહોલમાં હવે દીકરીને બહુ માન સન્માનની દૃષ્ટિએ જોવાય છે તથા હવે દીકરીઓ પણ જીવનના પ્રત્યેક પ્રશ્ને સહભાગી થવા શિક્ષિત થઈ રહી છે. માતાપિતા માટે સંતાનો બધા સરખા જ હોય એ ખુબ અનિવાર્ય છે. દીકરી કાળજાનો ટુકડો હોય છતાં સમાજની રચેલી પરંપરા મુજબ તેને સમય જતા સાસરે વળાવવી જ પડે છે આ એક ભાવાત્મક મોટી પીડા હોય છે. એક દીકરી પોતાની અર્ધાથી વધારે જિંદગી બીજા પરિવારમાં વહુ બનીને જાય, ત્યાં બધાને પોતાના બનાવવા, ઐક્ય સાધવું, ઘર સંભાળવું વગેરેના કારણે જ નારીનું અનેરું યોગદાન હોય છે. આ બધી વાતોની વચ્ચે હાલમાં જ જૂન-૨૦૧૯ની નીતિ આયોગનાં અહેવાલ દ્વારા જાણવા મળ્યું તેમ ગુજરાતમાં મહિલા જન્મદરની તુલનામાં ઘટી ગયો છે! એક હજાર પુરુષ જન્મદરની સામે ૮૪૮ સ્ત્રી જન્મદરની વાત જાહેર થઈ અર્થાત હજી સમાજમાં વૈચારિક પ્રવાહમાં 'બેટી બચાવો - બેટી પઢાવો' ના સૂત્રની અસર જેટલી થવી જોઈએ એ થઈ નથી. બાળકી જન્મે અને વાસ્તવમાં પરિવાર દિલથી નારાજ ના થાય તો જ આ સ્થિતિ સુધરી શકે. દીકરી અવતરે ત્યારે એની વાત એ કંઈક આ રીતે મૌનથી કહેતી જ હોય છે -

ઉડી શકીશ કે નહીં
એ પછીની વાત છે
મને એક વાર પાંખ તો ફેલાવા દો
જીવન મારૂ, વાર્તા મારી, પાત્રો મારા
મને એક વાર તો
મારી રીતે કહેવા દો.

નારીને સમાજ વાસ્તવમાં જયાં સુધી ઉપભોગના માધ્યમ તરીકે જ જોતો રહેશે. ત્યાં સુધી નારી ઉત્પીદન, શોષણ અને રેપ ના બનાવો બંધ નહીં થાય. બાળકી જન્મે ત્યારથી પરિવારને જવાબદારી આવી હોવાનો અહેસાસ થયા જ કરે છે !!

સ્ત્રી દાક્ષિણ્ય વિનાનો કોઈ પણ સમાજ કદી પ્રગતિ કે વિકાસ સાધી શકતો નથી. સ્ત્રી પાત્ર ને કોઈ પણ સ્વરુપમાં વિકસિત થયેલું આ પુરુષપ્રધાન હૃદયથી સ્વીકૃત કરતો નથી માટે પીડા ઘટતી નથી. પરિવારના સભ્યોની વાત કરીએ તો દીકરી અને દીકરો બંનેની પોતપોતાની ભૂમિકા છે. દીકરીને ઉછેરમાં લાડ પ્યાર વધુ મળતા જ હોય છે કેમ કે તેને એક ભવમાં જ બે પ્રકારની જિંદગી જીવવાની જવાબદારી કુદરતે જન્મથી જ આપી હોય છે. તેથી પ્રત્યેક પરિવાર દીકરી માટે ભાવાત્મક સવિષેશ હોય છે. દીકરાને ઘર પરિવાર છોડીને કયાંય જવાનું નથી, અલબત્ત હવે જોબ માટે જવાનું થાય છે તે સ્વીકારવું પડે તેમ છે. દીકરો કમાતો થાય કે પરિવાર તેના જીવન ને જીવન બનાવવા વહુ લાવે છે. મતલબ કે લગ્ન કરાવવામાં આવે છે. દીકરાની વહુ પણ કોઈકના ઘરની દીકરી જ હોય છે એ જલ્દી સ્વીકૃત થઈ જાય તો બહુધા પ્રશ્નો સરળ થઈ જાય. દીકરાની વહુ કદી પણ દીકરીનું સ્થાન લાખ પ્રયાસો કર્યા પછી પણ મેળવી શકતી નથી આ હકીકત ને ઉદાર દિલથી સમજવાની પણ આવશ્યકતા છે. ઉછેરનું તત્ત્વ આ બધામાં પારસમણીનું કામ કરે છે એ સત્ય છે. સમભાવ, કરુણા, ત્યાગ, પ્રેમ, અપનાપન વગેરેના કારણે દીકરી દરેક સ્વરુપમાં જરૂર સફળ થઈ શકે છે. માણસ પારખવાની કળા પણ તેણે કેળવવી પડશે માત્ર શિક્ષણ મેળવવાથી સુરક્ષિત થવામાં મદદ નહીં મળે. જાહેરમાં સ્ત્રી ઉપર પિટાઈ થતી હોય એ દૃશ્યો ટીવી ઉપર જોયા બાદ આપણા સમાજની રૂક્ષતા ઉપર ધૃણા થઈ જાય છે. બધી જ બદીઓના મુળમાં નાણા, સ્ત્રી અને સ્વાર્થ જોવા મળે છે. મહિલાઓની જાગૃતિ આવશ્યક છે.

**શેર આસ્વાદ :**

**બચ્ચુ પાંખ આવે ને ઉડી જાય તેનો રંજ નથી**
**પાછુ આવી ચાંચ મારે ત્યારે વસમુ લાગે છે.**